# શિક્ષકની નિષ્ઠા અને શિક્ષક-વિદ્યાર્થી સંબંધ

૫ સપ્ટેમ્બર શિક્ષકદિનની ઉજવણી માટે વિદ્યાર્થીઓ આવ્યા હતા. દર વર્ષે વિદ્યાર્થીઓ શિક્ષક બને તે રીતે ઉજવણી થતી. આ વર્ષે મેં તેમને કહ્યું કંઈક નવી રીતે ઉજવણી કરીએ તો કેવું? વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરીને વકતૃત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધા ગોઠવવાનું વિચાર્યું. વિષય નક્કી કર્યા – શિક્ષક પાસે વિદ્યાર્થીની અપેક્ષા શું હોય? આજનો વિદ્યાર્થી કેવો હોવો જોઈએ? અને શિક્ષણ પદ્ધતિ કેવી હોવી જોઈએ? વિદ્યાર્થીઓ સાથે આ પ્રક્રિયા અને સ્પર્ધા થઈ ત્યારે શિક્ષક તરીકેના મારા ૧૯ વર્ષમાં જાગ્રતપણે પહેલી વખત હું શિક્ષિકા કેવી? તે અંગે તે દિવસથી મનોમંથન ચાલ્યા કરતું હતું. આ સમયે જ મૈત્રીવિદ્યાપીઠમાંથી શ્રી જયશ્રીબહેનનો ફોન આવ્યો કે અમારી કોલેજના ૨૫ વર્ષની ઉજવણી નિમિતે દર મહિને એક વ્યાખ્યાન યોજીએ છીએ તેમાં અમે તમને ગાંધીજીના શિક્ષણદર્શન અંગે વાર્તાલાપ માટે આમંત્રણ આપીએ છીએ. મેં તેમને કહ્યું કે આ વિષય પર બોલવાની મારી ક્ષમતા નથી. હું હમણાં મનોમન મારું પોતાનું મુલ્યાંકન કરી રહી છું જેના સંદર્ભમાં ''શિક્ષકની નિષ્ઠા અને શિક્ષક વિદ્યાર્થી સંબંધ'' વિશે મને વાત કરવી ગમશે. શ્રી જયશ્રીબહેને વિષય પસંદગીની છૂટ આપી. મેં આ વિષ્ય પર વાત કરવાનું નક્કી કર્યું. વ્યાખ્યાન માટે વિચારતી હતી ત્યારે મૈત્રીવિદ્યાપીઠનાં શિક્ષકો, શિક્ષક બનવાના છે તેવા બી.એડ. અને પી.ટી.સી.નાં વિદ્યાર્થીઓ સમક્ષ બોલવાનું છે ત્યારે એમ થયું કે હું આ બોલવા જઈ રહી છું, ત્યાં તો નાગજીદાદાનું તપ છે અને ત્યાં તો કેળવણીનું ઉત્તમ કાર્ય થાય છે. ત્યાં મારે આ બધું કહેવું કેટલું યોગ્ય? પછી વિચાર્યું કંઈ નહીં નાગજીદાદા સમક્ષ કસોટી થશે.

ગુજરાત પાસે ઉત્તમ કેળવણીકારોનો ભવ્ય વારસો છે જેમાં નાનાભાઈ, મૂળશંકરભાઈ, મનુભાઈ, ગીજુભાઈ અને તે પછી નાગજીદાદા જેવા અનેકે કેળવણીનાં વિવિધ પ્રયોગો કર્યા છે. તેમના આ અમૂલ્ય વારસાને આપણે સાચવી શક્યા નથી તેવું લાગે છે. મૂળશંકરભાઈનું પુસ્તક શિક્ષકની નિષ્ઠા અને દૃષ્ટિ ત્રણેક વખત વાંચ્યું, દરેક વખતે મારી સમજ વિકસતી જાય છે અને નવી દૃષ્ટિ મળે છે. આજે આપણે જે વ્યવસ્થાઓ, વિચારધારાઓ, તંત્રોમાં શિક્ષણકાર્ય કરીએ છીએ ત્યાં, યુજીસી પ્રમાણે કાર્ય કરવાનું છે ત્યાં, જ્યાં બજારની માંગ પ્રમાણે પ્રોડક્ટ તૈયાર કરવાની છે ત્યાં આ બધી વાતો-નિષ્ઠા, કેળવણી, વિદ્યાર્થી-શિક્ષક સંબંધ વગેરે જાણે કાલ્પનિક લાગે. પરંતુ આજની શિક્ષણ પ્રણાલીમાં પણ જો આપણે ઇચ્છીએ તો ઘણું થઈ શકે તેમ છે તેવી મને શ્રદ્ધા છે.

આજે હું જે વાત કરવાની છું તે મારા અનુભવજગતને આધારે છે. પરંતુ આ અનુભવજગત એટલે એમાં જે કંઈ મે કર્યું છે, જે કરવા ધાર્યું છે, જે કર્યું છે તેમાં નિષ્ફળ રહી છું જે કરી શકી જ નથી તે બધું છે એટલે કયાંક હું શૂન્ય છું કયાંક વીસ ટકા, ત્રીસ ટકા ને પચાસ ટકાએ હોઇશ. તેના એકરાર સાથે મારી વાત આપ સૌની સમક્ષ મૂકું છું.

**શિક્ષકની નિષ્ઠા માટે શું જરૂરી છે?**

મને શિક્ષકની નિષ્ઠા પ્રગટ થવા માટે ત્રણ બાબત મહત્ત્વની લાગે છે.

(૧) શિક્ષકની નિષ્ઠા અંગત હિતથી/ અંગત હેતુથી પર હોય છે. એટલે કે શિક્ષક જીવનનિભાવ માટે આ કાર્ય કરે છે સારો પગાર, સત્તા, ઊંચું પદ મેળવવા માટે આ કાર્ય કરે છે. શિક્ષક પગાર

સામેનું વળતર તરીકે કાર્ય કરે છે તો તેણે કરવાનું જ છે. નિષ્ઠા ત્યાં પ્રગટ થાય છે જ્યાં વિદ્યાર્થી હિત અને સમાજહિત શિક્ષકના હૈયે વસેલું હોય છે. શિક્ષક માટે વિદ્યાર્થી હિતને સમાજહિત કરતાં અંગતહિત બળવત્તર બને ત્યાં નિષ્ઠા પ્રગટતી નથી.

(૨) શિક્ષકની નિષ્ઠા માટે બીજું જરૂરી છે. મનોબળ અને શરીરબળ. શિક્ષકને પોતે કંઈક કરવા ધારે છે અને તે કરી શકશે તેવો વિશ્વાસ હોય, હિંમત હોય. અહીં કામ પ્રત્યેની પ્રતિબદ્ધતા ઉપરાંત વિદ્યાર્થીમય બનવાનું મનોબળ જરૂરી છે. શારીરિક બળ એટલે શક્તિશાળી હોવું અને સારું સ્વાસ્થ્ય ખૂબ જરૂરી છે. તે ના હોય તો શિક્ષક ગમે તેટલું કરવા ઇચ્છે છતાં થઈ શકતું નથી. આજે આપણે શિક્ષકોના આરોગ્યના ગંભીર પ્રશ્નો જોઈએ છીએ. કેટલીક વખત કામ નહીં કરવાની ભાવનાને કારણે આવા સ્વાસ્થ્યના પ્રશ્નો આગળ ધરતા શિક્ષકોને જોઈએ છીએ. સ્વસ્છતાના અને સ્વસ્થતાના પાઠ ભણાવતો શિક્ષક જ્યારે માંદો થાય ત્યારે શિક્ષણ અધૂરું થાય છે. માંદગી માટેના કેટલાક પરિબળો આપણા હાથ બહારના હોય છે પણ કેટલાય આપણે બચી શકીએ છીએ, સભાનપણે નિવારી શકીએ છીએ. અમારા એક શિક્ષકને ૮૦ વર્ષે આજે તબિયત વિશે પૂછીએ તે ગમતું નથી. માંદગી હોય તો પણ કહે નહીં. મારી સમક્ષ બહેનો વધારે પ્રમાણમાં બેઠી છે. તેમનું ખાસ કહેવાનું કે તમને એવું સાંભળવા મળશે કે નોકરી કરનાર પુરુષો કરતાં સ્ત્રીઓ વધારે રજા લે છે. આપણા શરીર સ્વાસ્થ્યના પ્રશ્નો અંગે સભાન રહેવાનું છે અને ક્યારેય આવા માંદગીના પ્રશ્નોને કારણે આપણી જવાબદારીમાંથી આપણે મુક્તિ માંગવી પડે તેવું ન થવા દેવું, જે આપણા વિકાસ માટે અવરોધક બને છે અને કયારક તે માનસિકતા બને છે ત્યારે આપણને નુકશાનકારક થાય છે.

(૩) ત્રીજું શિક્ષતની નિષ્ઠા માટે જરૂરી છે શિક્ષકને સ્વનું ભાન હોય અને સમાજની વાસ્તવિકતાઓનું ભાન હોય તથા જ્યાં ''હું પણા'' પર શિક્ષક નિયંત્રણ મેળવી શકે છે ત્યાં નિષ્ઠા પ્રગટ થઈ શકે છે.

ઉપર જણાવી તે ત્રણ બાબતો હોય ત્યાં શિક્ષકમાં નિષ્ઠા ઉભી થાય છે.

**વિદ્યાર્થીને ઓળખવાની શિક્ષકની શક્તિ :**

શિક્ષકની નિષ્ઠાના પ્રગટીકરણ માટે શિક્ષક-વિદ્યાર્થી સંબંધમાં શિક્ષક પાસે વિદ્યાર્થીને ઓળખવાની શક્તિ હોય તે ખૂબ જરૂરી છે. વિદ્યાર્થી સાથે આપણે નિકટતા કેળવી શકીએ ત્યારે તેને ઓળખી શકીએ છીએ. શિક્ષક વિદ્યાર્થીને પ્રેમ કરે છે ત્યારે નીકટતા કેળવાય છે. આ બધી બાબતો એકબીજા સાથે સંકળાયેલી છે. આજે આપણે ઘણાં શિક્ષકોને એમ બોલતા સાંભળીએ છીએ કે વિદ્યાર્થી બાજુમાંથી પસાર થાય છે પણ કેટલી ટણી છે, શિક્ષકની સામેય જોતો નથી? ત્યારે પ્રશ્ન થાય આપણે શું કર્યું? શિક્ષક ઇચ્છે છે વિદ્યાર્થી તેને પ્રેમ કરે. પ્રેમ તો શિક્ષકે જ વિદ્યાર્થીને કરવાનો છે. વિદ્યાર્થીને પ્રેમ કરવાની કળા શીખવાની છે. તેની સાથેનો સંપર્ક, આવતા-જતા વાતચીત, તેની શક્તિઓમાં રસ લેવો, તેની મુશ્કેલીઓને સમજવી, તે અંગે મદદરૂપ થવાની ભાવના, તેને માન આપવું, તેની કયારેય અવગણના ના થાય તેની કાળજી મિત્ર જેવો વ્યવહાર આ બધી બાબતો વિદ્યાર્થી પ્રત્યેનો પ્રેમ દર્શાવે છે. વિદ્યાર્થી હંમેશા શિક્ષકની નજરમાં રહેવા ઇચ્છે છે. વિદ્યાર્થીને બોલાવીએ તોય ખુશખુશ થતો હોય છે.

આજે તો આપણે જોઈએ છીએ કે શિક્ષકને જોઈને દૂરથી વિદ્યાર્થી રસ્તો બદલી નાંખે છે. વિદ્યાર્થીને ડર છે, શિક્ષકથી અંતર છે. આ ડર અને અંતરને કેવી રીતે સમજી શકાય. શિક્ષક મનોવિશ્લેષણ કરનાર હોવો જોઈએ. વિદ્યાર્થીને બોલાવીએ અને આપણા રૂમમાં આપણી સમક્ષ આવતા-આવતાં એ બારણા સાથે અથડાય, ખુરશી સાથે અથડાય ત્યારે સમજવાનું કે તે ડરે છે, ક્ષોભ અનુભવે છે, મૂંઝવણમાં છે.

દરેક વિદ્યાર્થીને તેના સામાજિક-સાંસ્કૃતિક પરિપેક્ષ્યમાં સમજવાના છે. તેનું અનુભવજગત શું છે તેનાં સંદર્ભમાં સમજવા જરૂરી છે. મને યાદ છે એક વિદ્યાર્થી તેના અભ્યાસનાં બે વર્ષ પૂરા કર્યા ત્યારે મળવા આવ્યો હતો. તે એક વર્ષ મારા માર્ગદર્શનમાં હતો ત્યારે પણ મારી સમક્ષ અનેક પ્રયત્ન છતાં બોલે નહીં. મને એમ થયું કે હું હારી બે વર્ષના અંતે મેં તેને પૂછ્યું કે તારી આગળ હું હારી, તું કયારેય વ્યકત ન થયો. શું કારણ છે આજે તો મને કહે. તેણે બે વાક્યમાં જ કહ્યું કે હું બાળપણથી ગ્રેજ્યુએટ સુધી ભણ્યો ત્યાં માત્ર છોકરાઓની શાળા-કોલેજો છાત્રાલય હતા. તેથી કોઈ પણ બહેન આગળ વાત કરવામાં હું ખૂબ મુશ્કેલી અનુભવું છું. ત્યારે મને થયું હું તેની મા ન બની શકી, મા-સ્તરમાં અધૂરી શિક્ષીકા, આ બાબતને જાણી ન શકી તેનો ઉકેલ ન લાવી શકી. આમ દરેક વિદ્યાર્થીનાં પરિપેક્ષ્ય જુદા હોય છે તેને સમજવા જરૂરી છે.

વિદ્યાર્થી જ્યારે વર્ગમાં હોય ત્યારે આપણે તેના મનોભાવોને વાંચી શકીએ છીએ. તેમના મનોભાવો આપણને હિલોળા લેતા દેખાય છે. શિક્ષક તરીકે જ્યારે વાત કરતા હોઈએ છીએ ત્યારે વિદ્યાર્થી પોતાની માન્યતાઓને જે બાબત પોષે છે તે તેને ગમે છે, ઝડપથી સ્વીકારે છે. તેના મનોભાવોમાં આપણે એ પણ જોઈ શકીએ છીએ કે આપણી કેટલીક વાતોને તે પોતાના અનુભવજગત સાથે તપાસે છે. કેટલીક બાબતો બદલાવાનો એકરાર કરે છે, કેટલાકમાં તેનાં મનમાં પ્રશ્નો ઉભા થાય છે તો કેટલીક બાબતો તે સાંભળીને હાલ પૂરતી પાર્કિંગ પ્લોટમાં મૂકી દે છે. શિક્ષક વિદ્યાર્થીના આ મનોભાવોને સમજે છે ત્યાં વિદ્યાર્થીને ઓળખીને તેની શિક્ષણ પ્રક્રિયામાં તેને સામેલ કરી શકે છે.

શિક્ષકની નિષ્ઠા વર્ગથી વિસ્તરીને કુટુંબ, સમાજ સુધી વિસ્તરે છે?

આપણાં વિદ્યાર્થીઓ જો આગળ જણાવી તેવી નીકટતા અને પ્રેમ ધરાવતા હશે તો શિક્ષક સમક્ષ પોતાનાં પ્રશ્નો લઈને આવે છે. આ પ્રશ્નો તેનાં અંગત જીવનનાં, કુટુંબજીવનનાં હોય છે જે તેનાં શિક્ષણને અસર કરનારાં હોય છે. હમણાં ગયા વર્ષે એક વિદ્યાર્થીની દાખલ થઈ, મહિનો થયો હશે આવીને તેણે કહ્યું કે મારા લગ્ન થવાના છે તેથી મારા માતા-પિતા ભણવાનું છોડાવી દે છે. કાલથી હું નહીં આવી શકું. આંખમાં ઝળઝળીયા હતા. મેં તેને કહ્યું તું શું ઇચ્છે છે તેણે કહ્યું મારે તો ભણવું છે. તારું લગ્ન જેની સાથે થવાનું છે તે શું ઇચ્છે છે? તેણે કહ્યું તે ના નથી પાડતા. મેં તેના પિતાજી સાથે ફોનથી વાત કરી, દિકરીને ભણવાનું નહીં છોડાવવા સમજાવ્યા. આજે મેળવેલું શિક્ષણ તેને મુશ્કેલીના સમયમાં કામ આવી શકે છે. તેની માતાનો ખૂબ વિરોધ હતો. ૧૫ મિનીટ વાત પછી પણ તેઓ સંમત ન થયા. વિદ્યાર્થીની આંસી સારતી ગઈ. ત્રણ દિવસ પછી તેનાં પિતાજીનો ફોન આવ્યો કે બહેન, તમે વાત કરી તે પછી અમને એમ થયું કે દિકરીને ભણાવીશું!

બીજો એક પ્રસંગ અભ્યાસ દરમ્યાન એક વિદ્યાર્થીનીએ અમને પણ ખબર નહીં તેણે પ્રેમલગ્ન કરી લીધા હતા. પ્રેમસંબંધો છે તેવી તેના માતા-પિતાને ખબર પડતા તેઓ હોસ્ટેલ પર આવ્યા. આખી રાત દબાણ કરીને દિકરીને બિસ્રા બંધાવ્યા, લઈ જવા માટે તૈયાર કરી, વિદ્યાર્થીની સવારે તેની બહેનપણીઓ સાથે આવી અને મને બધી વાત કરી, મેં કીધું હું આમા શું કરી શકું? વિદ્યાર્થીનીએ કહ્યું તમારે મારા માતા-પિતાને મારી હાજરીમાં કહેવાનું કે મેં લગ્ન કરી લીધા છે. મેં કીધું, વાહ! ગાળીયો મારા ગળામાં! વાંધો નહીં. મા-બાપ

આવ્યા. મેં કહ્યું કેમ દિકરીને લઈ જવી છે? તેમણે કહ્યું બસ હવે તેના લગ્ન નક્કી કરવા છે. મેં કહ્યું પણ હું તો જાણું છું તે મુજબ એના લગ્ન તો થઈ ગયા છે? બાપ સફાળો ઉભો થઈ ગયો, શું કરો છો? દિકરીએ હકાર કરી માથું હલાવ્યું. દિકરીની ગળાની ચેન, પાકીટ બધું જ લઈ લીધું હવે કોઈ સંબંધ નહીં. મેં સમજાવ્યું છોરું કછોરું થાય, માવતર કમાવતર ના થાય. હશે હવે થઈ ગયું. પણ તેઓ ચાલ્યા ગયા આજે મા-બાપ સાથેના વર્ષ સંબંધો સુધર્યા બધા ખુશ.

આવી અનેક ઘટનાઓ છે. પણ શિક્ષકે તેની બડાશ નથી મારવાની કે મોટાઈ નથી માનવાની. ક્યારેય આ વિદ્યાર્થીઓ સમક્ષ મેં તારા માટે આટલું બધું કર્યું તે વાત સુદ્ધા ન હોય કે તેવો ભાવસુદ્ધા ન હોય. તે ઊંચાઈ હોય તે જ નિષ્ઠા. તેવી જ રીતે જ્યારે વિદ્યાર્થીએ કોઈ ભૂલ કરી હોય અને તે તમને આવીને જ્યારે માફી માંગે ત્યારે તે લાગમાં આવ્યો છે, તેની કાનપટ્ટી પકડીને તેનામાં પોતાના પ્રત્યે હીનતાનો ભાવ ક્યારેય પેદા ન થવા દેવો. વિદ્યાર્થી આપણી સમક્ષ આવે અને નીચું જોવે ત્યારે તેનો અર્થ છે તેને તેણે કરેલા કૃત્ય પ્રતિ શરમ છે, ગ્લાની છે. પરંતુ આ શરમ કે ગ્લાની હિનતમાં ન પરિણમે તે શિક્ષકે જોવાનું છું. તે પોતાની ભૂલ માટે તમારી સમક્ષ આવ્યો તે જ ઘણું.

વિદ્યાર્થીમાં અપાર વિશ્વાસ મૂકવો જરૂરી છે. વિશ્વાસ મૂકવાથી વિદ્યાર્થી વિશ્વાસભંગ કરીને જે નુકશાન થાય છે તેના કરતાં અવિશ્વાસ મૂકવાથી થતું નુકશાન અનેકગણું હોય છે. વિદ્યાર્થીને બહાર જોયો હોય તો તે રખડે છે તેમ કહેવાને બદલે આપણે તેને એમ કહીશું કે તું કોઈ પ્રયોજનથી ત્યાં હશે એવી મને ખાત્રી છે આમ વિદ્યાર્થીને કહીએ છીએ ત્યારે તે પોતાનું વર્તન ખોટું હશે તો આપણા વિશ્વાસને કારણે સુધારવા પ્રેરાય છે.

**શિક્ષક તરીકે શું ચિંતન જરૂરી?**

મારી દૃષ્ટિએ ત્રણ બાબતો શિક્ષકનાં ચિંતનનો ભાગ છે.

(૧) પોતાના વિષયમાં વાંચન, નવા વિચારો કરવા અને વર્તમાન સંદર્ભમાં તેનું જોડાણ કરવું. ઘણાં શિક્ષકો ખૂબ વાંચતા મેં જોવા છે. વાંચનનો વૈભવ હોય છે. પણ શિક્ષકનું વાંચન વિદ્યાર્થી સુધી ન પહોંચે તો તેનો અર્થ નથી. વાંચન ચિંતન પેદા કરે છે અને ચિંતન આપણી રજૂઆતોમાં આપણા વર્તનવ્યવહારમાં વ્યક્ત થાય છે.

(૨) બીજું ચિંતન એ છે જેમાં શિક્ષક વિદ્યાર્થી વિશે, શિક્ષણમાં તેની સામેલગીરી વિશે, તેની શક્તિ-મર્યાદા અંગે તેનું સમગ્ર વ્યક્તિત્વ તેનાં પ્રશ્નો વિશે સતત વિચારે. એવું બને છે કે બધા જ વિદ્યાર્થીઓ કોઈ એક અધ્યાપકથી નિકટ ના હોય. વિદ્યાર્થીઓ જુદા જુદા અધ્યાપકોની જુદી જુદી લાક્ષણિકતાઓથી આકર્ષાતા હોય છે અને તેથી વિદ્યાર્થીઓ વિશે અધ્યાપકોનું સહચિંતન થાય તે જરૂરી છે. અમે ચા માટે બધા અધ્યાપકો સાથે બેસીએ ત્યારે શરૂઆતથી અંત સુધી રિસેશનો સમય વિદ્યાર્થીઓની વાતોનો તેમના પ્રશ્નોનો જ હોય છે. જે કેટલીક બાબતો એક અધ્યાપક અમુક વિદ્યાર્થી વિશે નથી જાણતો/જાણતી તે તમામને સમજાય છે એટલું જ નહીં. આ ચર્ચામાંથી વિદ્યાર્થી વિશેની સાચી સમજણ પણ કેળવાય છે.

(૩) ત્રીજું ચિંતન એ છે જેમાં વિદ્યાર્થીઓનાં શિક્ષણને તેમનાં વિકાસને અસરકરનાર પરિબળોની ચિંતા, વિદ્યાર્થીનું છાત્રાલયમાં બીજા વિદ્યાર્થીઓ સાથેના સંબંધમાં, પ્રવૃત્તિઓમાં, વર્તન શું

અસર કરે છે. નિયમો પાળવા અંગે તેનાં વિચારો, તે અંગે તેનું વર્તન, પુસ્તકાલય, છાત્રાલય સિવાયનું તેનું મિત્રવર્તુળ, વર્ગખંડમાં કે શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં તેના વ્યવહારો, શિક્ષક સાથેના વ્યવહારો દેવી અનેક બાબતો તેનાં શિક્ષણને અસર કરનાર હોય છે. શિક્ષણ આ બધી બાબતોથી વાકેફ હોય તે મહત્ત્વનું છે. વાકેફ ત્યારે બને જ્યારે તેને તેમાં રસ હોય, તો જ વિદ્યાર્થીના વિકાસ અંગે તે સક્રિયતા દાખવી શકે.

**શિક્ષક તરીકે કઈ કઈ બાબતો આપણને અકળાવનારી હોવી જોઈએ?**

શિક્ષકનાં દિવસો શાંતિમય, સમુખમય પસાર થતા હોય તો સમજવું કે શિક્ષણમાં વિદ્યાર્થીમાં તે તરબોળ નથી. વિદ્યાર્થીઓના વર્તન-વ્યવહારો, પ્રશ્નો ના દેખાય, ના સમજાય તો તેમાં કશું કરવાનું હોતું નથી. પણ જે શિક્ષક આ બધું જોઈ શકે છે તેને રોજબરોજ આ સ્થિતિ અકળાવનારી બને છે અને તો જ તેમાં કંઇ સુધારો કરવા તે પ્રેરાય છે. આવી કઈ બાબતો હોઈ શકે?

વિદ્યાર્થી વર્ગમાં નિસ્તેજ હોય, કોઈ પ્રશ્ન કરતા ના હોય. શિક્ષકને આ બાબત પસંદ ના જ પડવી જોઈએ, એક વખત વર્ગમાં વિદ્યાર્થીઓ જાણે કોઈ રસ, ઉમંગ વગર બેઠા હોય તેમ લાગ્યું. મેં પૂછ્યું કેમ આજે બધા નિસ્તેજ દેખાવ છો? પાછળથી એક વિદ્યાર્થીએ કહ્યું અમને અહીં આવ્યે મહિનો થવા આવ્યો, પણ તમે બધા દરેક વર્ગમાં હાજરી લો છો, કડક નિયમો છે ખૂબ બંધન જેવું લાગે છે, મુકતતા નથી લાગતી. મેં કહ્યું આજથી હાજરી લેવાનું બંધ! શિક્ષક એવું ભણાવે કે વિદ્યાર્થી તેમનો વર્ગ છોડવો ચૂકે નહીં. વિદ્યાર્થી પ્રશ્ન કરે તે તેની જિજ્ઞાસા છે. તમે યાદ કરો કે અત્યાર સુધી જ્યાં ભણ્યા તેમાંથી કેટલું યાદ છે પરંતુ તમે શિક્ષકને પૂછેલા પ્રશ્નનો મળેલો જવાબ તમને કાયમ યાદ રહે છે. તેથી વિદ્યાર્થી વધુમાં વધુ પ્રશ્નો પૂછે તે માટે વાતાવરણ ઉભું કરવું પડે, તેને વર્ગમાં મોકળાશ આપવી જરૂરી બને છે.

વિદ્યાર્થી શિક્ષકથી દૂર ભાગે ત્યારે શિક્ષક માટે તે ચેતવણીજનક છે. શિક્ષકને સમજાવું જોઈએ કે તેનાં વ્યવહારમાં કંઈક ખામી છે જેથી વિદ્યાર્થી તેનાંથી દૂર જાય છે. વિદ્યાર્થી દૂર રહે ત્યારે તેના મનમાં શું ચાલે છે જે તેને નુકશાનકારક બની શકે છે. જેથી આવા વિદ્યાર્થીઓ શિક્ષકના ધ્યાન પર આવવા જોઈએ અને તેનાંથી નિકટ જઈ તેને સમજવો જરૂરી બને.

શિક્ષકને ત્યારે અકળામણ થવી જોઈએ જ્યારે વિદ્યાર્થી તમારી પ્રશંસા કરે, તમારા અંગત કાર્યો કરવા પ્રેરાય છે. વિદ્યાર્થી સમજી જાય છે કે શિક્ષકને પ્રશંસા ગમે છે, આમ થવાથી શિક્ષક અને વિદ્યાર્થી બંનેને મોટું નુકશાન થાય છે. આજના શિક્ષકો પોતાના અંગત કાર્યો કરાવતા જોવા મળે છે. અહી વિદ્યાર્થીએ શિક્ષકનું કોઈપણ કામ ના કરવું જોઈએ તેમ નથી. પરંતુ વિદ્યાર્થી ખુશામત માટે નહીં પરંતુ એક વિવેકશીલ વ્યક્તિ તરીકે શિક્ષકનાં કાર્યો કરે. પદયાત્રામાં વિદ્યાર્થીઓ સાથે ગયા હતા. ૫-૬ કિલોમીટર ચાલવાનું, પોતાનો સામાન ઉપાડીને મને સામાન સાથે આટલું ચાલવું અઘરું લાગે. પણ વિદ્યાર્થીઓએ એ વિવેક ના બતાવ્યો કે લાવો સામાન ઉંચકવામાં થોડી મદદ કરું! પદયાત્રામાંથી આવ્યા પછી પ્રતિભાવ બંઠકમાં વિદ્યાર્થીઓને કહ્યું, તમારાથી ઉંમરમાં મોટા હોય, તમારા માતા-પિતા સમાન વડીલોની ચિંતા શું શું કરવી જોઈએ? અમારે પણ તમારાથી સામાન ના ઉંચકાય તો મદદ કરવી જોઈએ! આમ વિદ્યાર્થી વિવેકશીલ રીતે શિક્ષકનાં કાર્યો કરતો થાય તે જરૂરી ખરું.

**વિદ્યાર્થી તમારી બધી વાત માની લે, બધી બાબતોમાં સંમત થાય**

વિદ્યાર્થી શિક્ષક કરતાં જુદો મત ધરાવતો હોઈ શકે તેમાં શિક્ષકે આસ્થા રાખવી જરૂરી છે અને તે પોતાનો જુદો મત વ્યક્ત કરવાની હિંમત કરે તો સમજાવવાનું કે શિક્ષક તરીકે આપણો વ્યવહાર યોગ્ય છે. બની શકે કે શિક્ષક તેના મત, મંતવ્યને ખોટો સમજે, તેની સાથેની ચર્ચાને અંતે પણ તેનાં મત ઉપર અટલ રહે. તેની સાથે કરેલી ચર્ચા ભવિષ્યમાં કયારેક તેને સમજાઈ શકે છે. તેથી વિરૂદ્ધ આપણે એ પણ તપાસવું જોઈએ કે આપણા વિચારો, મત આપણી માન્યતાઓ આધારિત હોઈ શકે છે. તેને પોષક હોઈ શકે છે. વિદ્યાર્થી જ્યારે આપણી વાતમાં અસંમતી દર્શાવે ત્યારે શિક્ષક પોતાના વિચારોમાં વધુ સ્પષ્ટ થાય છે.

**વિદ્યાર્થી પોતાના અધિકારની માંગ ના કરે, અધિકારને સમજે નહીં**

વિદ્યાર્થી કયારેય બિચારો ના બને. તેને પોતાને શું મળવું જોઈએ તે અંગે તે જાણકાર હોય. એક વખત છાત્રાલયમાં છોકરીઓની સંખ્યા વધતાં કેટલીક વિદ્યાર્થીનીઓને એવો રૂમ આપ્યો જ્યાં રૂમને સાંકળ નહીં, રાત્રે કુતરું અંદર આવી જાય. રૂમનું તળીયું પ્લાસ્ટર કરેલું નહીં તેમાં અને ભીંતે ખૂબ ઉધઈ ચડેલી. અનાયાસે છાત્રાલય બાજુથી પસાર થતી હતી વિદ્યાર્થીઓએ કહ્યું ચાલો અમારી રૂમ પર. તેમના આગ્રહથી તેમની રૂમ પર ઉપર જણાવી તે સ્થિતિ જોઈ મને થયું તમે અહીં કેવી રીતે રહો છો? કેમ રજૂઆત નથી કરતા? કોલેજ જઇને આચાર્યશ્રીને આ વાત જણાવી, બીજે જ દિવસે રૂમ બદલાઈ. મને તરત પ્રશ્ન થયો કે આ છોકરીઓ બીજી સુવિધાઓના માંગે પણ પાયાની સુવિધાઓ માટે કેમ બોલી ન શકી? આવા અધિકારોની માંગ શિક્ષક સામે પણ થવી જ જોઈએ. પણ તે વિવેક સાથેની જ હોય. બંને પક્ષની સમજવાની તૈયારી હોય.

વિદ્યાર્થી સ્વતંત્ર મિજાજનો ના હોય, સ્વતંત્રતાની માંગ ના કરે. શિક્ષકને આજ્ઞાંકિત વિદ્યાર્થીઓ વધુ ગમતા હોય છે. તેથી વિદ્યાર્થીના સ્વતંત્ર મિજાજને પાંગરવા દેતા નથી. શિક્ષક વિદ્યાર્થીના આવા સ્વતંત્ર મિજાજને જીરવી નથી શકતા. પરંતુ સાચું શિક્ષણ ત્યાં જ થયું છે જ્યાં વિદ્યાર્થી પોતાના સ્વતંત્ર વિચારો ધરાવે છે અને તે અંગે માંગ કરે છે. એક વિદ્યાર્થીનીએ આવીને મને કહ્યું કે લાયબ્રેરી છોકરાઓ માટે ૮:૦૦ વાગ્યા સુધી ખુલ્લી અને છોકરીઓ માટે કેમ નહીં? અમને પણ તે માટે લાયબ્રેરીમાં જવાની છુટ હોવી જોઈએ. મે કહ્યું સાચી વાચ છે. વિદ્યાર્થીનીએ કુલનાયકશ્રીને વાત કરી અને તેમણે તેની વાત સ્વીકારીને છોકરીઓને પણ ૮:૦૦ વાગ્યા સુધી લાયબ્રેરીમાં જવાની છૂટ આપી.

**શિક્ષક તરીકે આપણી જાતને આપણે કેટલાક પ્રશ્નો કરવાની જરૂર છે**
**મને સોંપાયેલ કાર્યોથી વિશેષ મારી જાતે મેં શિક્ષણલક્ષી કયા કાર્યો કર્યા?**

દરેક શિક્ષક કંઈ નું કરવા ધારે તે જરૂરી છે. મને સોંપેલ કાર્યો તો કરવાના જ છે પણ નવા પ્રયોગો શું કરી શકાય? હમણાં ગયા વર્ષે એક પ્રયોગ કર્યો. મુખ્યમંત્રીશ્રીએ કુપોષણ અંગે એક નિવેદન કર્યું કે છોકરીઓ ફીટનેસને કારણ સભાન છે તેથી કુપોષણનું પ્રમાણ વધુ છે. છાપામાં વાંચ્યું, કોલેજમાં જઇને નોટિસ બોર્ડ પર લખ્યું રીસેસમાં આ વિષય પર ચા સાથે ચર્ચા, સૌને આમંત્રણ. ઘણઆં વિદ્યાર્થીઓ આવ્યા, વિષય સંબંધિત અનેક ચર્ચાઓ થઈ. પ્રયોગ ગજ્યો ને ચાલુ રહ્યો. દિલ્હીની બળાત્કારની ઘટનાની ચર્ચા થઈ. જસ્ટિસ વર્માના અહેવાલ વિશે ચર્ચા ગોઠવાઈ. આવા બીજા કેટલાક નવા પ્રયોગો પણ કર્યા. અહીંથી ભણીને ગયેલા વિદ્યાર્થીઓ જે ક્ષેત્રમાં કાર્ય કરે છે તેમાંથી કોઈ એકને દર મહિને એક વખત વાર્તાલાપ માટે બોલાવીએ. પ્રયોગ સારો રહ્યો.

**વર્તમાન ઘટનાઓ સાથે શિક્ષણનો અનુભવ કેવી રીતે કરીએ છીએ?**

અભ્યાસક્રમનું ભારણ હોય છતાંય મહત્ત્વનું છે કે સમાજમાં બનતી ઘટનાઓ સાથે વિદ્યાર્થીઓ જોડવો. કોઈપણ વિષય ભણાવતા હોઈએ પણ વર્તમાન ઘટનાઓસ પરિસ્થિતિ સાથે તેનું જોડાણ થવું જરૂરી છે. તોજ કોઈ પણ ખ્યાલ, વિચાર અમૂર્ત નથી બનતો, વિદ્યાર્થી ઝડપથી સમજી શકે છે. જો સમાજમાં કોઈ ચકચારભરી ઘટના બની હોય તો મને યાદ આવે છે કે મારી સાથે બીજા અધ્યાપકો પણ તેમના સમગ્ર વર્ગ દરમ્યાન વિદ્યાર્થીઓ સાથે તેની ચર્ચાઓ જ કરે છે.

આપણું શિક્ષક તરીકેનું આચરણ કેવું છે? વિદ્યાર્થી આપણાં આચરણમાંથી શીખે છે. વિદ્યાર્થીઓ સાથે પદયાત્રામાં ગયા હતા. એક ગામમાં શાળામાં રોકાયા ત્યાં પાણી નહીં. ગામમાં દૂરથી બહેનો પાણીનાં ઘડા ભરીને લાવે. ગામની માધ્યમિક શાળા દૂર હતી ત્યાં ડંકી છે તેવી ખબર પડી. હાજતે જવા માટે પાણીના ડબલા શોધ્યા. વિદ્યાર્થીનીએ મને કહ્યું ડબલું હું લઈ લઉં છું. મે કહ્યું હાજતે માટે જવું છે તેથી મારે જ પકડવું પડે. ગામમાંથી બહાર નીકળતા એક ઘર પાસેથી પસાર થતા હતા. એક બહેન ત્રણ બેડા ઉંચકીને જતા હતા. અમારી સાથેની એક છોકરીને તેમણે કહ્યું ચાલો મારે ઘેર નાહી લેજો. વિદ્યાર્થીનીએ મને બૂમ પાડીને કહ્યું બહેન હું આમના ઘેર જાઉં છું. હું કંઈ બોલું તે પહેલાં બીજી વિદ્યાર્થીનીએ કહ્યું બહેન બહાર જાય છે ને તને શરમ નથી આવતી? આ શિક્ષણ થયું. પરંતુ આ વિદ્યાર્થીનીનું કેટલું મહત્ત્વનું મૂલ્ય છે તે હજુ તેને ખબર નથી હોતી. તેથી શિક્ષકનું કાર્ય અહીંથી પુરું નથી થતું. પ્રતિભાવની બેઠકમાં આ ખૂબ ઉમદા મૂલ્યની વાત છે તેની ચર્ચા કરી જે શિક્ષણ માટે મહત્ત્વની બાબત છે.

**વિદ્યાર્થી કોઈ ઘટના બને ત્યારે પોતાના આચરણ અંગે હીનભાવ ધરાવે છે?**

શિક્ષક તરીકે વિદ્યાર્થીનાં વર્તન-વ્યવહારની અનેક ઘટનાઓ આપણી સમક્ષ આવે છે. કેટલાક શિક્ષકો આવું થાય ત્યારે એમ વિચારે હવે બરોબર લાગમાં આવ્યો છે, હવે ખબર પાડી દઈએ. પહેલી વાત તો એ કે વિદ્યાર્થીને પોતાના વર્તન અંગે તેની ભૂલ સમજાવી જોઈએ. વિદ્યાર્થીને પ્રેમ કરવો એનો અર્થ એ નથી કે તેની બધી ભૂલોની અવગણના કરવી. તેને તેની ભૂલ સમજાય અને તે આપણી સમક્ષ માફી માંગે, ત્યારે શિક્ષકે પોતાની મહાનતા બતાવવાની છે. તેની કાનપટ્ટી નથી પકડવાની પણ તેને એ સંદેશો આપવાનો છે કે ભૂલ સમજાઈ એટલે ઘણું. વિદ્યાર્થી પાસે વારંવાર માફીપત્રો લખાવવા, તેને નીંચું જોવડાવું એ તો વિદ્યાર્થીમાં હીન ભાવ પેદા કરનારું છે. તેનાથી વિદ્યાર્થીને તેનું સ્વમાન ઓછું થઈ જાય છે જે તેનાં વિકાસ માટે અવરોધક છે.

**વિદ્યાર્થીની કટોકટીની ઘટનાઓમાં શિક્ષક તરીકે સાથે રહ્યા છો?**

કટોકટીની ઘણી ઘટનાઓ હોય છે જે અંગત પણ હોય અને શિક્ષણ સંબંધિત પણ હોય. અંગત ઘટનાઓમાં મેં જોયું છે કે કોઈ વિદ્યાર્થીની સગાઇ થઇને તૂટી ગઈ હોય, માતા-પિતા વચ્ચે ઝઘડા ચાલતા હોય અને શૈક્ષણિક ઘટનાઓમાં વિદ્યાર્થી નાપાસ થાય, ચોરી કરતા પકડાય, આવી ઘટના બને ત્યારે શિક્ષક એમ માને કે આ તો હવે તેનો વ્યવહાર છે તે ભોગવે. પણ તેવા સમયે તેની સાથે રહીને પરિસ્થિતિનું વિશ્લેષણ કરવું, તેની ચિંતાઓમાં સહભાગી થવું, રસ્તાઓ શોધવામાં મદદરૂપ થવું જરૂરી છે નહીં તો

પ્રેમસંબંધોમાં નિરાશ થયેલા વિદ્યાર્થીઓ ખોટું પગલું ભરી લે છે. વિદ્યાર્થી તમને કેટલાક સમય માટે નિરાશ દેખાતો હોય ત્યારે તેને પૂછીએ કે શું મુશ્કેલી છે? તો કદાચ આવી ઘટનાથી બચી શકે.

**શિક્ષક તરીકે એવું લાગ્યું છે કે વિદ્યાર્થી માટે આપણે ખોટી ધારણા બાંધી હતી?**

આપણે શિક્ષક તરીકે મનોવિજ્ઞાનનું જ્ઞાન ધરાવતા હોઈએ છતાં કેટલીક વખત આપણે વિદ્યાર્થી વિશે ધારેલું, કલ્પેલું ખોટું પડતું હોય છે. એટલે પહેલું તો એ જરૂરી છે કે આવી બિનજરૂરી ધારણાઓ બાંધવી નહીં. વિદ્યાર્થઈ સાથેની નિકટતા હોય ત્યારે આ પ્રશ્નો ઘટે છે.

**વિદ્યાર્થી સાથેના કોઈ વ્યવહારથી શિક્ષક તરીકે તમારું હૃદય દ્રવ્યું છે?**

સામાન્ય રીતે હું ગુસ્સો વ્યક્ત કરું નહીં તેવો સ્વભાવ. હમણાં એક દિવસ એક વિદ્યાર્થી સહી કરાવવા આવ્યો, અતિવ્યસ્ત દિવસને કારણે તેનાં ઉપર ગુસ્સે થઈ જવાયું. પરંતુ સાંજે, રાત્રે મનને ચેન ના પડ્યું, સતત વિચારો આવ્યા કે મારાથી આવું કેમ થઈ ગયું, મેં વિદ્યાર્થીનું અપમાન કર્યું. હું તેને કયારે મળું અને Sorry કહું. બીજે દિવસે મારા રૂમમાં ગઈને જ તે વિદ્યાર્થી કારણસર આવ્યો અને મને હાશ થઈ. મેં તેને તરજ જ કહ્યું Sorry કાલે મારાથી તારા ઉપર ગુસ્સે થવાયું. તેણે કહ્યું કંઈ નહીં બહેન, તમે કેટલા કામમાં હતા તે હું જાણું છું!

**શું શિક્ષક તરીકે એવો ભાવ થાય છે કે વિદ્યાર્થી માટે કેટલું કર્યું પણ તેને કદર જ નથી?**

શિક્ષકનાં વર્તન, કાર્ય અંગે વિદ્યાર્થી તેનો મૂક નિરીક્ષક હોય છે. તે તેનાં વિશે બોલે નહીં પણ તે સમજે છે. શિક્ષક જ્યારે એમ માને કે મેં તમારા માટે આટલું બધું કર્યું ત્યારે તેનું મૂલ્ય ઘટી જાય છે. કેટલાક શિક્ષકો વિદ્યાર્થીઓ પર પ્રભાવ પાડવાનો, તેમને આંજી દેવાનો પ્રયત્ન કરે છે અને પછી વિદ્યાર્થીઓ પાસે અપેક્ષા રાખે કે તે પોતાની ઉત્તમતાના ગુણગાન ગાય. આવું થાય ત્યારે વિદ્યાર્થી બીજાના પ્રભાવમાં પોતાનામાં રહેલ શક્તિઓને, પોતાપણાને ગુમાવી દે છે.

**શિક્ષક માટે વ્યક્તિગત અને વ્યાવસાયિક જીવનમાં શું જુદું શું એક હોય છે?**

શિક્ષક અને ડૉકટરનું જીવન અંગત જેવું હોતું નથી. શિક્ષક ઘેર જાય પછી પોતાના મનથી વ્યાવસાયિક સ્વીચને બંધ કરી શકે તો તે શિક્ષક નથી. તે છાપુ વાંચે છે તો પણ તે ફિલ્મ જુએ છે તો પણ તેને પોતના વિદ્યાર્થીઓ માટે વાત કરવાનું ભાથું મળે છે, તે સમયે તેનું ચિંતન ચાલે છે, નાનાભાઈ, મૂળશંકરભાઈ વગેરે માટે તો બધું જ શિક્ષણમય હતું. મૂળશંકરભાઈ કહે છે કે તેઓ વિદ્યાર્થી સિવાયની કોઈ પ્રવૃત્તિ મન દઇને કરી શકતા જ નહોતા.

**શિક્ષક તરીકે વિદ્યાર્થી સાથે પુખ્ત સમજીને વ્યવહારો કરો છો કે સૂચનાઓ આપો છો?**

વિદ્યાર્થીઓને સૂચનાઓ આપવાથી એ જાતે શીખતા નથી. પ્રવાસમાં વિદ્યાર્થીઓ સાથે જવાનું થાય ત્યારે હું કહી દઉં કે હું તમારે હવાલે છું તમારે જ બધું સંભાળવાનું છે. મુશ્કેલી લાગે ત્યારે આવવું, ચર્ચા કરીશું. વિદ્યાર્થીઓને શીખવવું ગમે તેના કરતાં વિદ્યાર્થી જાતે શીખે તે માટે પ્રયત્નો કરવાથી બધું કેળવાય છે.

શિક્ષકને વિદ્યાર્થીઓનાં પ્રેમપત્રો મળે છે? વિદ્યાર્થીઓ ભણતા હોય ત્યારે, ભણીને જતા હોય ત્યારે આપણને ચિઠ્ઠી લખીને કયારેય આપે છે! જેમાં લખ્યું હોય તમે તો મારી મા છો, જેમાં ગાંડીઘેલી વાતો પણ હોય પણ ત્યારે સમજવું કે તમારી નિષ્ઠા પુજવલીત થઈ છે.

આજે તમારી સમક્ષ મને મારા અનુભવોની વાતો કરવાની તક આપી તે બદલ સંસ્થાનો આભાર. ૨૫ વર્ષમાં સંસ્થાના વિકાસમાં અનેકે પોતાના કર્તવ્યો બજાવ્યા છે સૌને અભિનંદન.